નવા જુનીના એંધાણ

ચુંટણી જંગ : બાયડ પાલિકા જંગમાં કોંગ્રેસના ૨૨ ઉમેદવારોએ ફોર્મ રજૂ કર્યા

ભાજપ આજે વિજય મુહૂર્તમાં ઉમેદવારી પત્રો રજુ કરશે

બાયડ, (બ્યુરો ઓફિસ)તા.૧૨

બાયડ પાલિકાના ચુંટણી જંગમાં કોંગ્રેસ એ ૬ વોર્ડની ૨૪ બેઠક પૈકી ૨૨ બેઠક ઉપર પોતાના ઉમેદવારો મેદાનમાં ઉતારી ફોર્મ ચુંટણી અધિકારી સમક્ષ બાયડ નગર પાલિકામાં શુક્રવારે રજુ કર્યા છે. ભાજપ આજે શનિવારે શુભ મુહૂર્તમાં એક સાથે ૨૪ ઉમેદવારોના ફોર્મ રજૂ કરી શકે છે. બાયડ પાલિકા માં ભાજપ ધ્વારા કેટલાક કોર્પોરેટરોને પડતા મુકી નવા ચહેરાઓને સ્થાન આપ્યુ છે. તે જોતાં નવા જુનીના એંધાણ દેખાઈ રહ્યા છે.ટીકીટ ન મળતાં કેટલાક કોપોરેટરો કોગ્રેસનો પાલો પકડી શકે છે.

જીલ્લાની રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને નગરપાલિકાની તા.૨૮ ફેબ્રુઆરીએ યોજાનારી ચુંટણી ઉપર સમગ્ર જિલ્લાની નજર ટેકવાઈ ગઈ. બાયડ પાલિકામાં ભાજપ સંગઠને પાછલા પાંચ વર્ષની કોપોરેટરોની કામગીરી જોઈને માત્ર ૨ કોપોરેટરોને રીપીટ કર્યા છે. વિકાસ કરી શકે તેવા ઉમેદવારોને મેદાનમાં ઉતારવાના ભાજપના હાઈકમાન્ડના નિર્ણયને કાર્યકરોએ વધાવ્યો છે. ત્યારે કોગ્રેસે પણ બાયડ પાલિકામાં પ્રથમ વાર કબજો મેળવવા માટે ઉમેદવારોને મેદાનમાં ઉતારતાં રવિવાર થી ચુંટણી પ્રચાર યુધ્ધ પરાકાષ્ટાએ પહોંચી શકે છે. તા.૧૨ ફેબ્રુઆરીએ કોંગ્રેસના ૨૨ ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી પત્ર બાયડ નગર પાલિકામાં ચુંટણી અધિકારી સમક્ષ રજુ કર્યુ છે.

કોગ્રેસે મેદાનમાં ઉતારેલા ઉમેદવારો

વોર્ડ નં.	ઉમેદવારનું નામ
૧	જીતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ
	પ્રદિપભાઈ રણછોડભાઈ પટેલ
	શીતલબેન પરેશકુમાર શાહ
	સુર્યાબેન લક્ષ્મણગીરી ગોસ્વામી
૨	કૈલાસબેન સુરેશભાઈ પટેલ
	કમળાબેન પનાભાઈ સોલંકી
	વિમલભાઈ જયંતિભાઈ પટેલ
	સુરેશભાઈ વેચાતભાઈ
૩	સુર્યાબેન વસંતકુમાર પટેલ
	ચેતનભાઈ વિનુભાઈ પટેલ
	મહેશભાઈ રમણભાઈ પટેલ
	સોનલબેન મુકેશભાઈ પટેલ
૪	મૌનિકકુમાર ગીરીશભાઈ પટેલ
	ચીમનભાઈ મણીભાઈ પટેલ
	પ્રેમીલાબેન રાજેન્દ્રભાઈ પટેલ
	ઉર્મીલાબેન કમલેશભાઈ પટેલ
૫	કૈલાસબેન જીતુભાઈ વસાવા
	મકસુદાબીબી જાકીરહુસેન મિરઝા
	ધીમંતભાઈ મહેન્દ્રભાઈ પટેલ
૬	કાજલબેન મહેન્દ્રભાઈ પરમાર
	નિરૂબેન ધુળાભાઈ મકવાણા
	શૈલેષભાઈ ગોબરભાઈ પટેલ

રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૨૬૮ કેસ નોંધાયા

અત્યાર સુધીમાં કુલ ૨૫૮૫૫૧ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૦ કેસ નોંધાયા

ગાંધીનગર,તા.૧૨

ભારતે કોરોનાની મહામારીમાં વિશ્વના અન્ય દેશોને પણ મદદ પહોંચાડી છે. અત્યાર સુધી સમગ્ર વિશ્વમાં ભારતે સવા બે કરોડ કરતા પણ વધારે વેક્સીનના ડોઝ પહોંચાડ્યા છે. વિદેશ મંત્રાલયના પ્રવકતા અનુરાગ શ્રીવાસ્તવે આ બાબતની જાણકારી આપી હતી. તેમણે એ પણ જાણકારી આપી હતી કે, આવતા અઠવાડિયે ભારત આફ્રિકા, લેટિન અમેરિકા અને પ્રશાંત મહાદ્વીપના અન્ય દેશમાં પણ કોરોના વેક્સીન પહોંચાડશે. આ દરમિયાનમાં ગુજરાતમાં ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨૬૮ કેસ નોંધાયા છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૨૬૮ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૨૮૧ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨૫૮૫૫૧ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૬૭%એ પહોંચ્યો છે. રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૬૦, સુરતમાં ૩૬, વડોદરામાં ૫૩ તેમજ રાજકોટમાં ૪૬ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૧૭૬૭ એક્ટિવ કેસમાંથી ૨૮ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૭૩૯ સ્ટેબલ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૪૦૦એ પહોંચ્યો છે. આરોગ્ય વિભાગની અસરકારક કામગીરીથી કોરોનાના કેસમાં ઉત્તરોઉત્તર ઘટાડો જોવા મળી રહ્યો છે ત્યારે અરવલ્લી, બનાસકાંઠા, ભરુચ, ભાવનગર, ભાવનગર કોર્પોરેશન, ડાંગ, નવસારી, પાટણ, સુરેન્દ્રનગર, તાપી અને વલસાડમાં કોરોનાનો એકપણ કેસ નોંધાયો નથી. ગુજરાતમાંપણ ૨૪ કલાકમાં ૭૮૬ કેન્દ્રો પર ૨૫,૮૨૩ વ્યક્તિઓને કોરોનાની રસી આપવામાં આવી છે. જેથી અત્યાર સુધીમાં કુલ ૭,૬૭,૬૧૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે.

ભાજપે શ્રીવાસ્તવના પુત્ર બાદ પુત્રીની ટિકિટ કાપી

મધુ શ્રીવાસ્તવના પુત્રી નીલમ શ્રીવાસ્તવ વાઘોડિયાની ગોરજ બેઠક ઉપરથી ભાજપની ટિકિટ માગી હતી

વડોદરા,તા.૧૨

ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ દબંગ છાપ ધરાવે છે. ભાજપમાં તેમનું સારું એવું વર્ચસ્વ પણ રહ્યું છે. જોકે, હવે આ વર્ચસ્વ ઘટતું જઈ રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. પહેલા તેમના પુત્રને ભાજપની ટિકિટ ન મળી, તો હવે તેમની પુત્રીની ટિકિટ પણ ભાજપે કાપી નાખી છે. વાઘોડિયાની ગોરજ બેઠક પરથી મધુ શ્રીવાસ્તવની પુત્રી નીલમ શ્રીવાસ્તવે ટિકિટ માંગી હતી. વડોદરાની ૮ તાલુકા પંચાયતના ૧૬ ઉમેદવારોના નામોની જાહેરાત થઈ ચૂકી છે. ગોરજ બેઠક પરથી ભાજપે કલ્પના પટેલને ટિકિટ આપી છે. આમ, નીલમ શ્રીવાસ્તવનું નામ કપતા હવે તેઓ અપક્ષ ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. જોકે, જિલ્લા ભાજપ પ્રમુખે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નીલમ અપક્ષ ઉમેદવારી નહીં કરે. જણાવી દઈએ કે, થોડા દિવસ પહેલા ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે ખુલ્લી ધમકી આપી હતી કે, જો તેમની દીકરીને ભાજપ ટિકિટ નહીં આપે તો તે કોંગ્રેસમાંથી કે અપક્ષ તરીકે લડશે. હવે, જોવાનું એ રહે છે કે, મધુ શ્રીવાસ્તવ પોતાની ધમકી પર અમલ કરે છે કે પછી શાંત થઈને બેસી રહેશે. ઉલ્લેખનીય છે કે, મધુ શ્રીવાસ્તવના પુત્ર દીપક શ્રીવાસ્તવને ભાજપે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ટિકિટ ન આપતા તેમણે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. જોકે, તેમનું અપક્ષ તરીકેનું ફોર્મ પણ રદ થયું હતું.

રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક (નાબાર્ડ) દ્વારા આજીવિકા અને ઉદ્યમિતા વિકાસ કાર્યક્રમ યોજાયો

સુરત જીલ્લાના માંડવી ખાતે નાબાર્ડ, સુરત અને શ્રી સિદ્ધિવિનાયક રૂરલ ડેવેલોપમેન્ટ ટ્રસ્ટ, બીલીમોરાના અમલીકરણ પુરોહિત દ્વારા સખીમંડળની બહેનોને સ્વનિર્ભર બનવા માટે કઈ રીતે બચત કરવી, ઘરબેઠા કેવા ઉદ્યોગ કરી શકાય તેમજ પ્રોજેકટર ટીએલએમ શ્રી જનતાબેન ચૌધરી દ્વારા સખીમંડળની બહેનોને આજીવિકા અને સ્વનિર્ભરતા અંગે માર્ગદર્શન આપવામાં આવયુ હતું.

હેઠળ ૧૦૦ થી વધારે સખી મંડળની બહેનો માટે આજીવિકા અને ઉદ્યમિતા વિષય ઉપર બહેનોને પગભર થવા માટે નાબાર્ડ, સુરત દ્વારા એક સેમીનાર તથા નવા ledp કલાસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે નાબાર્ડ, સુરતના ડીડીએમ શ્રી અનિલ દ્વારા અન્ય સખીમંડળોની સકસેસ સ્ટોરીની ફિલ્મ બતાવીને બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. સુરત ડીસ્ટ્રીકટ બેંકના ડીરેકટર અને માજી બેંક મેનેજર શ્રી નરેન્દ્રસિંહ મહીડા દ્વારા બેંકિગની વિવિધ સેવાઓની માહિતી આપવામાં આવી હતી. ડીઆરડીએ માંડવી ખાતેના કાર્યક્રમમાં માંડવી આરોગ્ય કેન્દ્રના ડો. અંકિતાબેન ચૌધરી દ્વારા સંકલ્પ, સિદ્ધિ અને સ્વપ્ન જોવાની અને મેળવવાની મોટીવેશન સ્પીચ આપી હતી. કાર્યક્રમનું સંચાલન રમીલાબેન ચૌધરી .ડો.અર્ચના મહેતા અને આભારવિધિ ટ્રસ્ટના પ્રમુખ મુકેશભાઇ મહેતા કરી હતી.

યાત્રાધામ કુબેર ભંડારીના અમાસના દર્શન શરુ થયા

ડભોઈ,તા.૧૨

હવે સમગ્ર ગુજરાતભરમાં કોરોનાના કેસમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. જન જીવન હવે સામાન્ય થઈ રહ્યું છે. કોરોનાને કારણે બંધ થયેલા અનેક ધાર્મિક સ્થળો, જાહેર સ્થળો હવે ધીરે ધીરે ખૂલી રહ્યાં છે. ત્યારે ગુજરાતના અનેક મંદિરોના દરવાજા ગાઈડલાઈન સાથે ખોલવામાં આવ્યા છે. ત્યારે હવે ગુજરાતનું સુપ્રસિદ્ધ યાત્રાધામ કુબેર ભંડારીના દરવાજા પણ અમાસના દર્શન માટે ખૂલી ગયા છે. વડોદરાના ડભોઇના કરનાળી સ્થિત આવેલ કુબેર ભંડારી મંદિર ખાતે અમાસની શરૂઆત કરવામાં આવી હતી. કોરોના કાળમાં છેલ્લા ૧૧ મહિનાથી કુબેરભંડારી ખાતે અમાસના દર્શન ભક્તો માટે બંધ કરી દેવામાં આવ્યા હતા. ત્યારે આજથી અમાસના દર્શન શરૂ કરાતા લાખોની સંખ્યામાં ભક્તો સમગ્ર ગુજરાત સહિત ભારતભરમાંથી કુબેર ભંડારીની એક ઝલક માટે આવી પહોંચ્યા હતા.

આજે સાબરકાંઠા જિલ્લા પંચાયતની પુંસરી બેઠક માટે ભાજપના ઉમેદવાર શ્રીમતિ ભારતીબેન મહેન્દ્રભાઈ પટેલે ઉમેદવારીપત્રક ભર્યુ હતુ. આ પ્રસંગે ભાજપના અગ્રણીઓ અને વિસ્તારના શુભેચ્છકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શાળામાં મારામારીના કેસમાં ૭ છાત્રોનો ૨૯ વર્ષે છૂટકારો

૨૦ વર્ષથી કેસ કોર્ટમાં પેન્ડિંગ હતો, આરોપીઓ-ઘાયલો વચ્ચે સમાધાન થઇ ગયું હતું : રાયોટિંગનો કેસ ચાલુ હતો

અમદાવાદ, તા. ૧૨

મણિનગરમાં આવેલી પ્રગતિ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલમાં આજથી ૨૯ વર્ષ પહેલા ધોરણ ૧૦ અને ૧૧ના સ્ટૂડન્ટ્સ વચ્ચે થયેલી મારામારી બાદ થયેલા કોર્ટ કેસમાં છેક હવે સાત લોકોનો નિર્દોષ છૂટકારો થયો છે. સ્કૂલના તત્કાલિન પ્રિન્સિપાલ રીટાબેન દેસાઈ હોસ્ટાઈલ જાહેર થયા બાદ આ કેસના સાત આરોપીઓને કોર્ટે નિર્દોષ છોડી દેવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગતો એવી છે કે, ૮ ફેબ્રુઆરી ૧૯૯૨ના રોજ પ્રગતિ સ્કૂલના ધોરણ ૧૧ના છોકરાઓનો ૧૦મા ધોરણના છોકરાઓ ને છોકરીની છેડતી બાબતે ઝઘડો થયો હતો. સ્કૂલમાં થયેલી બબાલ બાદ સ્કૂલ છૂટ્યા પછી તેના ગેટ પાસે જ બંને વર્ગના વિદ્યાર્થીઓ વચ્ચે મારામારી થઈ હતી. આ મારામારી એટલી ખતરનાક હતી કે ઘાયલ સ્ટૂડન્ટ્સને એલજી હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

આ ઘટના બાદ સ્કૂલના તત્કાલિન પ્રિન્સિપાલ રીટાબેન દેસાઈએ ધોરણ ૧૧ના સાત સ્ટૂડન્ટ્સ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમના પર માત્ર હુમલાનો જ નહીં, પરંતુ ગુનાઈત ઈરાદા અને રાયોટિંગ તેમજ ગેરકાયદે રીતે ભેગા થવાનો આરોપ પણ મૂકાયો હતો. જોકે, આ કેસ છેલ્લા ૨૦ વર્ષથી કોર્ટમાં પેન્ડિંગ હતો. આ દરમિયાન આરોપીઓ અને મારામારીમાં ઘાયલ થયેલા લોકો વચ્ચે સમાધાન થઈ ગયું હતું.

કોર્ટમાં સમાધાન અંગેનો રિપોર્ટ પણ ફાઈલ કરાયો હતો, પરંતુ કોર્ટે તેને ફગાવી દીધો હતો. જોકે, કેસ ચાલવા પર આવ્યો ત્યારે ઘાયલ થયેલા સાક્ષીઓએ પોતાને આ કેસ આગળ ચલાવવામાં રસ ના હોવાનું કહેતા કોર્ટે હુમલા તેમજ ગુનાઈત કાવતરાના આરોપ પડતા મૂક્યા હતા. જોકે, રાયોટિંગ અને ગેરકાયદે રીતે ભેગા થવાનો કેસ ચાલુ રહ્યો હતો. કેસની ટ્રાયલ દરમિયાન સ્કૂલના પ્રિન્સિપાલ અને પૂર્વ વિદ્યાર્થીઓ કોર્ટમાં જુબાની આપવા હાજર થયા હતા, પરંતુ તેઓ પોતાના અગાઉના નિવેદન પરથી ફરી ગયા હતા. સ્ટૂડન્ટે કોર્ટને જણાવ્યું હતું કે તે એક સામાન્ય ઝઘડો હતો. પ્રિન્સિપાલે જણાવ્યું હતું કે છોકરાઓ વચ્ચે કોઈ વાતે બબાલ થઈ હતી, ગેટ પાસે ધક્કામુક્કીમાં કેટલાક છોકરા પડી ગયા હતા. તેમને હોસ્પિટલ લઈ જવાયા હતા, અને તે વખતે તેમણે પ્રિન્સિપાલ હોવાના નાતે પોલીસ ફરિયાદ કરાવી હતી. સાક્ષીઓ ફરી ગયા બાદ કોર્ટ સમક્ષ આરોપીઓ સામે બીજા કોઈ પુરાવા પણ ના હોવાના કારણે એ. ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ હિતેષ તન્નાએ સાતેય આરોપીઓને છોડી મૂકવા હુકમ કર્યો હતો.

પોલીસની ઓળખ આપી તોડ કરવા જતા બે ઝડપાયા

પીકઅપ વાન ચાલકને રોકી તેને ક્રાઇમ બ્રાન્ચ તરીકેની ઓળખ આપીને પાંચ લાખ રૂપિયાની માગણી કરી

અમદાવાદ,તા.૧૨

છેલ્લા કેટલાક સમયથી બનાવટી પોલીસ બનીને તોડ-પાણી કરતા લોકોનો જાણે કે રાફડો ફાટ્યો હોય તેમ લાગી રહ્યું છે. દિવસેને દિવસે પોલીસની ઓળખ આપીને રૂપિયા પડાવ્યા હોય તેવા અનેક બનાવો સામે આવી રહ્યા છે. શહેરના વાડજ વિસ્તારમાં વધુ આવો એક બનાવ સામે આવ્યો છે. જેમાં બે લવરમૂછિયાએ સસ્તા અનાજની દુકાનમાંથી અનાજ ભરીને નીકળેલા પીકઅપ વાન ચાલકને રોકી તેને ક્રાઇમ બ્રાન્ચ તરીકેની ઓળખ આપીને પાંચ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ મામલે પોલીસે બંને આરોપીની ધરપકડ કરી છે.

મેઘાણીનગર વિસ્તારમાં રહેતા રોશન તૈલીએ વાડજ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ આપી છે કે, તેઓ ગઈકાલે સવારે તાવડીપુરામાં આવેલા આકાશ ટ્રેડિંગના ગોડાઉનમાંથી ૪૮ કટ્ટા ઘઉ અને ૫૨ કટ્ટા ચોખા ભરીને ચાંગોદર જઈ રહ્યા હતા. આ દરમિયાન વાડજ સર્કલ પાસે બે યુવકે ફરિયાદીને અટકાવ્યા હતા. બંનેએ ફરિયાદીને તેમના શેઠને બોલાવવા માટે કહ્યું હતું. શેઠ ઘટના સ્થળે આવી પહોંચ્યા ત્યારે બંને યુવકોએ પોતે ક્રાઇમ બ્રાન્ચમાંથી આવતા હોવાની ઓળખ આપીને, ગાડીમાં સસ્તા અનાજની દુકાનમાંથી ગેરકાયદે અનાજ ભરેલું હોવાનું કહીને પાંચ લાખ રૂપિયાની માંગણી કરી હતી. આ બંને લવરમૂછિયાએ લગભગ બેથી અઢી કલાક સુધી ગાડી ઊભી રાખતા અંતે ફરિયાદના શેઠે પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટના સ્થળે પહોંચતા જાણવા મળ્યું હતુ કે, આ બંને આરોપી અભયસિંહ ચૌહાણ અને સિદ્ધાંત અઘારા બનાવટી પોલીસ બનીને રૂપિયાની માંગણી કરી રહ્યા છે. આ મામલે પોલીસે બંને આરોપી સામે ગુનો દાખલ કરીને બંનેની ધરપકડ કરી છે. બંનેએ આવી રીતે નકલી પોલીસ બનીને અન્ય કોઈ લોકોને શિકાર બનાવ્યા છે કે નહીં, તેની તપાસ પણ પોલીસ કરી રહી છે.

અમદાવાદમાં બે હજારની નકલી નોટો સાથે બે ઝડપાયા

ભુવા પાસે નકલી નોટો સાથે મોકલી તાંત્રિક વિધિથી અસલી બનાવવાનું જણાવ્યું હતું, સરખેજ પોલીસે તપાસ શરૂ કરી

અમદાવાદ,તા.૧૨

અમદાવાદ શહેરમાં નકલી નોટો વટાવવા જતાં બે શખ્સની સરખેજ પોલીસે ઉજાલા સર્કલ નજીકથી ધરપકડ કરી હતી. બંને આરોપીઓ પાસેથી રૂ. બે હજારની કુલ ૩૬૭ નકલી નોટો મળી આવી હતી. નકલી નોટો વડોદરાના હરણી વિસ્તારમાં રહેતા બાપુ ઉર્ફે ભુવા પાસેથી લાવ્યા હતા. આ ભુવાએ આ નકલી નોટો સાથે મોકલી તાંત્રિક વિધિથી અસલી બનાવવાનું જણાવ્યું હતું. જોકે, આરોપીઓની આ કેફિયત શંકાસ્પદ લાગતા હકીકત જાણવા સરખેજ પોલીસે તપાસ શરૂ કરી છે. સરખેજ પોલીસને બાતમી મળી હતી કે સરખેજ ફતેહવાડીમાં રહેતા બે શખ્સ નકલી નોટો લઈ ઉજાલા સર્કલ તરફ આવવાના છે. જેથી પોલીસે સર્કલ પાસે વૉચ ગોઠવી હતી. શંકાસ્પદ શખ્સ આવતાં જ બંનેને પોલીસે ઝડપી લીધાં હતા. બંનેને પોલીસ સ્ટેશન લઈ જઈ પૂછપરછ કરતા એકનું નામ લક્ષ્મણ બેગડા અને કૃણાલ ઠક્કર હોવાનું સામે આવ્યું હતું. તેઓ પાસે રહેલા થેલામાંથી કુલ ૩૬૭જેટલી રૂ. ૨,૦૦૦ના દરની નોટો મળી આવી હતી. પોલીસે નકલી નોટો અંગે ખાતરી કરવા એફએસએલના અધિકારીને જાણ કરી હતી. આ મામલે ઝોન ૭ ડીસીપી પ્રેમસુખ ડેલુએ જણાવ્યું કે, આરોપીએ પોલીસ સમક્ષ કબૂલાત કરી કે વડોદરાના બાપુ ઉર્ફે ભુવાજીએ આ બને શખ્સોને આ નોટો આપી હતી. તેમણે નકલી નોટોને તાંત્રિક વિધિથી અસલી બનાવવાનું કહીને બંનેને રવાના કર્યા હતા. પરંતુ બે દિવસ પછી ભુવા ઉર્ફે બાપુએ નકલી નોટો અસલી નહીં થાય તેવું જણાવ્યું હતું. આખા નકલી નોટોના ષડયંત્રમાં એક શિક્ષક મનુસિંગ અને મહેબૂબ ખાનના નામ પણ સામે આવ્યા છે. બીજી તરફ હ્યજીન્ના અધિકારીએ નોટો તપાસ કરતા સાચી નોટ કરતા આ નોટોનો કલર અને ક્વોલિટી નબળી હતી. નોટોની વચ્ચે સિક્યુરિટી થ્રેડ અને વોટર માર્ક પણ નથી. ઝડપાયેલા બંને આરોપીઓ નોટો વટાવી ૫૦-૫૦ ટકા કમાણી કરવાના હોવાનું સામે આવ્યું હતું. જોકે, નકલી નોટો ક્યાં બનાવડાવી છે તે વાત વડોદરાનો આરોપી વિશાલ ઉર્ફે બાપુ પકડાયા બાદમાં જ ખુલાસો થશે. આ કેસમાં પકડાયેલા બંને શખ્સોએ અગાઉ આવી કોઈ ડીલ કરી છે કે કેમ? આ નોટો ક્યાં બનાવવામાં આવી જેવી અનેક માહિતીઓ બાબતે પોલીસે તપાસ શરૂ કરી છે.

પત્રો ભરાયા... ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઉમેદવારી પત્ર ભરવાનો શનિવાર અંતિમ દિવસ છે. આથી આજે પણ મોટી સંખ્યામાં ઉમેદવારી પત્રો રજુ થશે તેમ મનાઈ રહ્યુ છે એટલે તંત્રએ પણ આ અંગેની તૈયારીઓ કરી લીધી છે.

૧૩૪ આવાસો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કામગીરી હાથ ધરવામાં આવશે. સે-૧૭ માં જ કક્ષાના ૯ બ્લોક અલબત્ત ૫૦ મકાનો તોડવામાં આવશે આ ઉપરાંત સે-૧૨ માં ૭ બ્લોક જ-૨ કક્ષાના ૮૪ યુનિટને તોડવા માટે કામગીરી હાથ ધરાશે.આ આવાસો તોડવા માટે ટુંકમાં ટેન્ડર પ્રકીયા હાથ ધરવામાં આવશે.

હાલ શહેરમાં જુના આવાસોનો કડુસલો કરાયા બાદ ખુલ્લી જગ્યામાં નવા સરકારી મકાનો બાંધવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. જો કે હજુ જુના સેકટરોમાં નવા આવાસો બાંધવા માટે જગ્યા આખરી થઈ નથી પરંતુ જુના આવાસો તોડવા માટે કામગીરી ટુંકમાં શરૂ કરી દેવાશે. આ અન્વયે ટેન્ડર પ્રકીયા પણ હાથ ધરી દેવામાં આવી છે.

ફેક્ટરીમાં આગ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

અમારા સહયોગી ટીઓઆઈ મુજબ ઘટના બપોરે લગભગ ૧.૪૫ કલાકે બની. આગ લાગ્યા બાદ લાંબો સમય સુધી ધડાકા સંભળાતા રહ્યા, જેના કારણ રેસ્ક્યુ ટીમો માટે નજીક જવું મુશ્કેલ બની ગયું. આગમાં ઓછામાં ઓછામાં ચાર શેડ નષ્ટ થઈ ગયા.

આ ઘટનાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ દુઃખ વ્યક્ત કર્યું છે. વડાપ્રધાને કહ્યું કે, તમિળનાડુના વિરુધુનગરમાં આવેલી એક ફટકડા ફેક્ટરીમાં લાગેલી આગની ઘનટા દુઃખદ છે. દુઃખના આ સમયમાં મારી સંવેદનાઓ પીડિત પરિવારોની સાથે છે. આશા રાખું છું કે જે પણ ઘાયલ થયા છે, તે જલદી સાજા થઈ જશે. આ ઘટનાથી પ્રભાવિત થયેલા લોકોની મદદ માટે તંત્ર કામ કરી રહ્યું છે. ઘટના પર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ટ્વીટ કરી દુઃખ વ્યક્ત કરતા રાજ્ય સકરારને ઘાયલોની મદદ કરવા અને અંદર ફસાયેલા લોકોના રેસ્ક્યુની અપીલ કરી છે.

ઉખાડવા માટે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે રીતે ભ્રષ્ટાચાર થઈ રહ્યો છે તેને જોયા બાદ ગુસ્સો આવે છે. આ જ કારણ છે કે આ વખતે અમે પ્રણ લીધા છે કે રાજ્યથી ટીએમસીને બહારનો રસ્તો બતાવીને રહીશું. અમિત શાહે કહ્યું કે, અમે બંગાળની હાલની સ્થિતિને પૂરી રીતે બદલવા માંગું છું. તેઓએ કહ્યું કે પરિવર્તન યાત્રાનો ઉદ્દેશ્ય માત્ર રાજ્યની મુખ્યમંત્રી કે સત્તાને બદલવા પૂરતો મર્યાદિત નથી. અમારો ઉદ્દેશ્ય છે કે બંગાળમાં પરિવર્તન લાવવાની જરૂર છે. કોઈ પણ રાજ્યમાં પરિવર્તન ત્યારે આવે છે જ્યારે દરેક વ્યક્તિની અંદર ઈચ્છા અને આકાંક્ષાઓ જગાડવાનું કામ કરવામાં આવે.

આંતરિક માર્ગો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ થાય છે. માર્ગોની સુધારણા તેમજ બ્યુટીફિકેશન પાછળ પણ પૈસાનો ધુમાડો થાય છે. આવા સંજોગોમાં સિવિલ હોસ્પિટલ સંકુલના ડિસ્કો માર્ગથી દર્દીના પાંસળા ઉંચા થઈ જાય તેવી દયાજનક સ્થિતિને અનુલક્ષીને પણ સામે બેઠેલી સરકારના પેટનુ પાણી હલતુ નથી. પાટનગરમાં સિવિલ હોસ્પિટલમાં માર્ગ સુધારણા માટે આટલીવાર રજુઆત કરવી પડે તે પણ શરમજનક બાબત હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. નગરની સિવિલ હોસ્પિટલના નવા બિલ્ડીંગના બાંધકામમાં પણ ભરપુર ભ્રષ્ટાચાર થયો હોવાનો પુરાવો સમયાંતરે મુલાકાતીઓને મળતો રહે છે. ગટર લાઈનમાં લીકેજ છતમાંથી પાણી ટપકવા સહીત દર્દીના બેડ સુધી પાણીના રેલા ઉતરે તેવી દયાજનક સ્થિતિના અંતે પણ સત્તાધીશો શરમ અનુભવતા નથી. જયારે હવે સંકુલના આંતરિક માર્ગોની દશા સુધારવાના કામ માટે પણ ઘોર નિરસતા સેવાઈ રહી છે. વી આઈ પી મહાનુભાવોની અવરજવર હોય તેવા રૂટમાં રાતોરાત લાખો રૂપિયાનુ પાણીઢોળ કરી દેવાય છે. ત્યારે દર્દીઓ અને ડોકટરો માટે મુંઝવણરૂપ બનેલુ સિવિલ કેમ્પસનુ રોડ નેટવર્ક છેલ્લા ઘણાં સમયથી બિસ્માર હાલતમાં છે. પી આઈ યુ કક્ષાએથી આ મામલે દરખાસ્ત કરવામાં આવી છે. આમછતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી.

નીતિ યથાવત...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતના જમ્મુ અને કાશ્મીરમાં ફોર જી ઈન્ટરનેટ સુવિધા બહાલ કરવાનું અમે સ્વાગત કરીએ છીએ. તે સ્થાનિકો માટે એક મહત્વપૂર્ણ પગલું છે અને અમે રાજ્યમાં સામાન્ય સ્થિતિ બહાલ કરવા માટે રાજનીતિક અને આર્થિક પ્રગતિ ચાલુ રાખવા માટે આશાવાન છીએ. સમગ્ર જમ્મુ અને કાશ્મીરમાં પાંચ ફેબ્રુઆરીથી ફોર જી મોબાઈલ ઈન્ટરનેટ સેવા પુનઃ બહાલ કરવામાં આવી છે. ઓગસ્ટ ૨૦૧૯ માં કેન્દ્ર સરકારે જમ્મુ કાશ્મીરનો વિશેષ રાજ્ય દરજ્જો હટાવીને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ સુરક્ષાને ધ્યાનમાં રાખતા ૪જી ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવાઈ હતી. રાજ્યમાં ઈન્ટરનેટની સ્પીડ ઓછી હોવાના કારણે લોકોને અનેક પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો. જો કે આ પગલાએ આતંકી નેટવર્કને નબળું કરવામાં ખુબ મોટી ભૂમિકા ભજવી. પાકિસ્તાને જમ્મુ અને કાશ્મીર પર અમેરિકાના નિવેદન પર નિરાશા વ્યક્ત કરી છે. પાકિસ્તાનને એ વાત ઉપર પણ મરચા લાગ્યા છે કે અમેરિકાએ ૪જી નેટવર્ક બહાલી અંગે કરેલી ટ્વીટમાં જમ્મુ અને કાશ્મીરને ભારતનો હિસ્સો માન્યો છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા વ્યક્ત કરતા કહ્યું કે જમ્મુ અને કાશ્મીરના દરજ્જાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અનેક પ્રસ્તાવોમાં અને આંતરરાષ્ટ્રીય સમુદાય દ્વારા વિવાદિત માનવામાં આવ્યું છે. આવામાં આ ઉલ્લેખ અસંગત છે.

એલજી હાઈજિનિક પ્રીમિયમ ઈઅરબડ્સનો ટોન સેટ કરે છે

પ્રસ્તુત કરે છે ભારતના સૌ પ્રથમ ૯૯ ટકા બેક્ટેરિયા સુરક્ષિત ઇઅરબડ્સ

ગ્રાહકોમાં આરોગ્ય પ્રત્યેની વધતી જતી જાગૃકતાને કારણે એલજી પ્રસ્તુત કરે છે અત્યંત આધુનિક સાચા અર્થમાં વાયરલેસ ઈઅરબડ્સ એચબીએસ-એફ એન-૭ અને એચબીએસ એફ એન-૬ આ નવા અને અનોખા યુવી નેનો ચાર્જિંગ કેડળયુક્ત છે, અલ્ટ્રાવાયોલેટ લાઈટ સાથે મળે છે. આ ચાર્જિંગ દરમ્યાન જ ઈઅરબડ્ઝના ૯૯ ટકા બેક્ટેરિયાનો નાશ કરી નાખે છે અને યુઝરને આખો દિવસ તાજગીસભર રાખે છે. આના કેસમાં ઉપર એલઈડી લાઈટિંગ સાથે આવે છે જેથી આનું ચાર્જિંગ લેવલ અને યૂવીનેનો સ્ટેટસનું સંપૂર્ણ ધ્યાન રાખવુ વધુ સરળ બની રહે છે આમાં અનેકવિધ ફીચર્સ આપવામાં આવ્યા છે. જેમ કે એક્ટીવ નોઈઝ કેન્સલેશન મેરિડિયન તરફથી ટ્યુન કરવામાં આવેલ સુંદર અવાજ, અત્યંત ચમકદાર અને કારીગરીથી બનાવવામાં આવેલા આકર્ષક ડિઝાઈન જેવા ફીચર્સ સામેલ છે. આના નવા મોડલ્સ ઉપભોકર્તાને જબરદસ્ત અવાજનો અનોખા આનંદનો કરાવે છે.

એચબીએસ-એફ એન-૭ અને એચબીએસ એફ એન-૬ અદ્યતન એલજી ટોન ફ્રી ટેકનોલોજીની છે જે ડિજિટલ સિગ્નલ પ્રોસેસિંગ યુક્ત અતિ ઉચ્ચતમ સાઉન્ડ પુરો પાડવામાં સહયોગી અને એલજીના વિશ્વસનીય પાર્ટનર સુપ્રસિદ્ધ બ્રિટિશ ઓડિયો ટેકનોલોજી કંપનીની દેન છે. મેરિડિયન આ ટેકનોલોજી છેલ્લા ૨૫ વર્ષથી ઉપયોગમાં લે છે.

એલજી ટોન ફ્રી એફએન-૭એ માત્ર લાઉડસ્પીકરમાંથી અવાજ માત્ર શ્રોતાઓને સાંભળવામાં આનંદ આપવા પૂરતો નથી પરંતુ અણીશુદ્ધ સ્પષ્ટતા સાથે મધુર ધ્વનિ આપે છે. એન્ડ્રોઈડ અને આઈઓએસ ડિવાઈસીસમાં ઉપલબ્ધ ર્લજી ટન ફ્રિ એપ દ્વારા મેળવી શકાય છે.